વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

---

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, વ્યાવસાયિક પાર્ટી પાસે હાલ યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ અને સિધ્ધિઓની ઝાંખી દર્શાવતી ડોકયુમેન્ટરી ફિલ્મ (દસ્તાવેજી ચિત્ર) તૈયાર કરાવવાની કામગીરી ચાલી રહી છે. ડોકયુમેન્ટરી ફિલ્મની સ્ક્રિપ્ટ આ સાથે સામેલ છે, જેમાં કોઈ સુધારા-વધારા કરવાની જરૂર જણાતી હોય તો **તા.૧૧/૦૩/૨૦૧૯** સુધીમાં રૂબરૂ અથવા મોબાઈલ ફોન દ્વારા સૂચનો મોકલી આપવા વિનંતી છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૬૭/૨૦૧૯
નવસારી તારીખ : ૦૭/૦૩/૨૦૧૯

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

## યુનિવર્સિટીની ડોકયુમેન્ટરી ફીલ્મ માટેની સ્ક્રિપ્ટ

| | | |
|---|---|---|
| પ્રવકતા | : | રાજય સરકાર દ્વારા દક્ષિણ ગુજરાતમાં કૃષિ વિકાસના હેતૂસર પહેલી મે, ૨૦૦૪ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર એટલે દક્ષિણ ગુજરાતના સાત જીલ્લાઓ, જેમાં નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાનો સમાવેશ થાય છે. |
| VO | : | પૂર્વમાં આહવા ડાંગના ગાઢ જંગલો અને સાપુતારાની રમણિય ગિરિમાળાઓ આવેલ છે. પશ્ચિમ દિશામાં ૧૭૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો તેનો આર્થિક મેરૂદંડ છે. ડાંગના ગાઢ અરણ્યોની વનસમૃધ્ધિ તેનું ઘરેણું છે. ૨૬.૬૩ લાખ જેટલા વિશાળ ભૌગોલીક વિસ્તારમાં પથરાયેલું દક્ષિણ ગુજરાત અનેક વૈવિધ્યથી સમૃધ્ધ છે. |
| VO | : | આ પાવન ભૂમિમાં દર વરસે સરેરાશ ૮૦ ઈંચ જેટલો વરસાદ વરસે છે. નર્મદા, તાપી, પૂર્ણા, અંબિકા, ઔરંગા, કોલક, પાર અને દમણગંગા જેવી અનેક પ્રખ્યાત નદીઓ આ વિસ્તારને બારેમાસ હરિયાળો રાખે છે. |
| VO | : | નવસારી કૃષિ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોનું ખેત ઉત્પાદન વધારી તેમનું જીવનધોરણ ઉંચું લાવવાનો છે. આ હેતુ સિધ્ધ કરવા માટે નવસારી ખાતે ૪૦૦ હેકટરના વિશાળ સંકુલમાં કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. |
| VO | : | "કૃષિમૂલા ઋધ્ધિઃ" અર્થાત કૃષિ એ સર્વે સમૃધ્ધિનું મૂળ છે. સમસ્ત જગતની રિધ્ધિ સિધ્ધિ કૃષિ પર આધારિત છે. આ આદિ વેદની ઋચાને ધ્યેયમંત્ર તરીકે સ્વિકારીને યુનિવર્સિટી દ્વારા દક્ષિણ ગુજરાતમાં કૃષિ વિકાસના બહુઆયામી પ્રયત્નો શરૂ કરવામાં આવેલ છે. |

## —: કૃષિ શિક્ષણ :—

| | | | |
|---|---|---|---|
| પ્રવકતા | : | નવસારી કૃષિ યુનિવર્સિટીની સ્થાપનાના મુખ્ય ત્રણ હેતુ પૈકી પ્રથમ હેતુ કૃષિ શિક્ષણનો છે. | |
| | : | આ માટે યુનિવર્સિટી હેઠળ હાલ ૧૦ જેટલી કોલેજો કાર્યરત છે, જેમાં; કૃષિ, બાગાયત, ફોરેસ્ટ્રી, વેટરીનરી, એગ્રી બીઝનેસ મેનેજમેન્ટ, કૃષિ ઈજનેરી, બાયોટેકનોલોજી અને ફીશરીઝ એમ આઠ વિદ્યાશાખાઓના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. | |
| VO | : | ● | કૃષિ વિદ્યાના શિક્ષણ માટે સને ૧૯૬૫માં નવીનચંદ્ર મફતલાલ કૃષિ મહાવિદ્યાલયની સ્થાપના કરવામાં આવેલ હતી. ત્યાર બાદ વર્ષ ૨૦૧૨ દરમ્યાન ભરૂચ અને વઘઈ ખાતે નવી બે કોલેજો શરૂ થઈ અને હાલ આ ત્રણેય કૃષિ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનું નિવાસી શિક્ષણ આપવામાં આવે છે. |
| | | ● | આ કૃષિ કોલેજોમાં ચાર વર્ષના આઠ સેમેસ્ટરના અભ્યાસ પછી વિદ્યાર્થીઓને બી.એસ.સી. (એગ્રી), પછીના બે વર્ષે એમ.એસ.સી.(એગ્રી) અને ત્યારબાદ ત્રણ વર્ષે પીએચ.ડી.ની ડીગ્રી આપવામાં આવે છે. |
| | | ● | બાગાયત વિદ્યાના શિક્ષણ માટે વર્ષ ૧૯૮૮ દરમ્યાન અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી. ચાર વર્ષનો બાગાયતનો અભ્યાસક્રમપૂર્ણ થયે વિદ્યાર્થીઓને બી.એસ.સી.(હોર્ટિકલ્ચર), પછીના બે વર્ષે એમ.એસ.સી. (હોર્ટિકલ્ચર) અને ત્યારબાદ ત્રણ વર્ષે પીએચ.ડી.ની ડીગ્રી આપવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| | | ● | આ મહાવિદ્યાલયની સાથે જ ચાલતી ફોરેસ્ટ્રી કોલેજના વિદ્યાર્થીઓને ચાર વર્ષે બી.એસ.સી.(ફોરેસ્ટ્રી), પછીના બે વર્ષે એમ.એસ.સી.(ફોરેસ્ટ્રી) અને ત્યારબાદ ત્રણ વર્ષે પીએચ.ડી.ની ડીગ્રી આપવામાં આવે છે. |
| | | ● | કૃષિ અને સંલગ્ન વિદ્યાશાખાઓના સ્નાતકોમાં વ્યાવસાયિક નિપુણતાના વિકાસ માટે સને ૨૦૦૭ દરમ્યાન અસ્પી એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ શરૂ કરવામાં આવેલ છે. |
| | | ● | આ એબીએમ કોલેજમાં બે વર્ષનો અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને એમ.બી.એ. (એગ્રી. બીઝનેસ મેનેજમેન્ટ) અને ત્યારબાદ ત્રણ વર્ષે પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરવામાં આવે છે. |
| | | ● | યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર નવસારી ખાતે વર્ષ ૨૦૦૮ દરમ્યાન પશુપાલન અને પશુચિકિત્સા વિદ્યાશાખાની વેટરનરી કોલેજ શરૂ કરવામાં આવી. આ કોલેજમાં પાંચ વર્ષના અભ્યાસક્રમ પછી વિદ્યાર્થીઓને બી.વી.એસ.સી., પછીના બે વર્ષે એમ.વી.એસ.સી. અને ત્યારબાદ ત્રણ વર્ષે પીએચ.ડી.ની ડીગ્રી આપવામાં આવે છે. |
| | | ● | સુરત ખાતે વર્ષ ૨૦૧૨ દરમ્યાન અસ્પી શકીલમ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટની સ્થાપના કરવામાં આવી, જેમાં ચાર વર્ષનો બી.ટેક. (બાયોટેકનોલોજી)નો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. |
| | | ● | કૃષિ ઈજનેરી વિદ્યાના શિક્ષણ માટે વર્ષ ૨૦૧૩ દરમ્યાન નર્મદા જિલ્લાના દેડીયાપાડા ખાતે કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી. આ કોલેજમાં ચાર વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ થયે વિદ્યાર્થીઓને બી.ટેક.(કૃષિ ઈજનેરી) અને પછીના બે વર્ષે એમ.ટેક.(કૃષિ ઈજનેરી)ની ડીગ્રી એનાયત કરવામાં આવે છે. |
| | | ● | મત્સ્યપાલન સબંધી શિક્ષણ માટે વર્ષ ૨૦૧૫ દરમ્યાન ફીશરીઝ કોલેજ શરૂ કરવામાં આવી. આ કોલેજમાં ચાર વર્ષના અભ્યાસક્રમ પછી વિદ્યાર્થીઓને બેચલર ઓફ ફીશરીઝ સાયન્સ (બી.એફ.સી.) ની ડીગ્રી આપવામાં આવે છે. |
| | | ● | યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાઓના છેલ્લાં વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને "સ્ટુડન્ટ રેડી" કાર્યક્રમ હેઠળ સાંકળી લેવામાં આવે છે, જેમાં "એક્ષપરીયેન્શ્યલ લર્નિંગ યુનિટ" દ્વારા કૃષિ સંલગ્ન વ્યવસાયોમાં મૂલ્યવર્ધન અને કૌશલ્યવર્ધનની પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે જયારે "રુરલ એગ્રીકલ્ચરલ વર્ક એક્ષ્પીરીયન્સ કાર્યક્રમ" હેઠળ ગ્રામ્ય વાતાવરણમાં ખેતીના પ્રત્યક્ષ અનુભવ સાથે વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસ દ્વારા રાજય અને રાજય બહાર એગ્રો બેઈઝડ ઔદ્યોગિક એકમોના અભ્યાસ માટે લઈ જવામાં આવે છે. |
| | | ● | વિદ્યાર્થીઓ પ્રાયોગિક અનુભવ સાથે વિવિધ નવીન ટેકનોલોજી શીખી શકે તે માટે જૈવિક ખાતર, ટીશ્યુકલ્ચર, હાઈટેક હોર્ટીકલ્ચર, ફલોરીકલ્ચર, વ્યાવસાયિક મધમાખી પાલન અને પોસ્ટ હાર્વેષ્ટ ટેકનોલોજી જેવા નવ વિષયો ઉપર એક્ષપરીયેન્શ્યલ લર્નિંગ યુનિટોની સ્થાપના કરવામાં આવી છે. |
| | | ● | વિદ્યાર્થીઓને નિવાસી શિક્ષણ મળી રહે તે માટે રહેવા જમવા સાથેની અદ્યતન હોસ્ટેલ્સની સુવિધા ઉપલબ્ધ છે. |
| | | ● | યુનિવર્સિટીના સ્ટુડન્ટ કાઉન્સેલીંગ અને પ્લેસમેન્ટ સેલ હેઠળ યોજાતાં કેમ્પસ ઈન્ટરવ્યુ દ્વારા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને જાહેર ક્ષેત્રની મલ્ટીનેશનલ કંપનીઓ, બેન્કો અને કૃષિના નિકાસ એકમોમાં નોકરીની તકો પ્રાપ્ત કરાવવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| પ્રવકતા | : | સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ડીગ્રી કોર્ષ ઉપરાંત અનેક વિદ્યાશાખાઓમાં ડિપ્લોમા અને ટૂંકા ગાળાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો પણ સંપૂર્ણ સુવિધા સાથે ચાલી રહ્યા છે. |
| VO | : | રાજયના યુવકોમાં કૃષિ વિષયક કૌશલ્યના વિકાસ માટે ત્રણ વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ ચલાવતી સાત જેટલી પોલિટેકનીક હાલ કાર્યરત છે, જેમાં; |
| | | ● કૃષિ પોલીટેકનીક : ભરૂચ |
| | | ● કૃષિ પોલીટેકનીક : વ્યારા |
| | | ● કૃષિ પોલીટેકનીક : વઘઈ |
| | | ● બાગાયત પોલીટેકનીક : નવસારી |
| | | ● બાગાયત પોલીટેકનીક : પરીયા |
| | | ● કૃષિ ઈજનેરી પોલીટેકનીક : દેડીયાપાડા અને |
| | | ● એનીમલ હસ્બન્ડરી પોલીટેકનીક : નવસારીનો સમાવેશ થાય છે. |
| | | **તેવી જ રીતે ટૂંકા ગાળાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો માટે,** |
| | | ● બેકરીશાળા : નવસારી |
| | | ● લેન્ડસ્કેપીંગ અને ગાર્ડનીંગ તાલીમ કેન્દ્ર : નવસારી |
| | | ● ટર્ફગ્રાસ મેનેજમેન્ટ : નવસારી |
| | | ● નેચર એન્ડ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી : નવસારી |
| | | ● મહિલાઓ માટે પ્લાન્ટ ટીસ્યુકલ્ચર તાલીમ કેન્દ્ર : સુરત |
| | | ● ઈનપુટ ડીલર્સ માટે કૃષિ વિસ્તરણ સેવા : નવસારી |
| | | ● એગ્રો આઈ.ટી.આઈ. ઈન એગ્રીકલ્ચર એન્ડ હોર્ટિકલ્ચર : નવસારી અને |
| | | ● એગ્રો આઈ.ટી.આઈ. ઈન એનીમલ હસબન્ડરી : નવસારી કાર્યરત છે. |

## —: કૃષિ સંશોધન :—

| | | |
|---|---|---|
| પ્રવકતા | : | નવસારી કૃષિ યુનિવર્સિટીની સ્થાપનાનો બીજો હેતુ છે કૃષિ સંશોધન.<br>દક્ષિણ ગુજરાત વિસ્તારની ખેત આબોહવાકીય પરિસ્થિતિના આધારે ૧૫ જેટલાં સંશોધન કેન્દ્રો દ્વારા કૃષિ સંશોધનની કામગીરી કરવામાં આવે છે. |
| VO | : | નવસારી ખાતે શેરડી, ડાંગર, કઠોળ, દિવેલા, આંબા, ચીકુ, કેળ, નાળિયેરી, પપૈયા, ફુલપાકો, શાકભાજી, કંદમુળ, જળ અને જમીન વ્યવસ્થાપન, ઓઈલપામ, પશુપાલન, ફીશરીઝ, લીલા પડવાશના પાકો, ઘાસચારાના પાકો અને મસાલાના પાકો પર સંશોધનની કામગીરી કરવામાં આવે છે. |
| | : | સંશોધનની વિવિધ કામગીરી માટે નવસારી ખાતે ફૂડ કવોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી, પેસ્ટીસાઈડ રેસીડયુ લેબોરેટરી, ટીસ્યુકલ્ચર લેબોરેટરી, બાયો કન્ટ્રોલ યુનિટ, પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી સેન્ટર, બાયો ફર્ટિલાઈઝર અને બાયો પેસ્ટીસાઈડ યુનિટ, કેળના નકામા થડમાંથી મૂલ્યવર્ધન યુનિટ, મોડેલ ફાર્મ અને ઈન્સ્ટ્રકશનલ ફાર્મ જેવા અદ્યતન સંશોધન યુનિટો અને પ્રયોગશાળાઓની સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | : | સંશોધનની કામગીરીની સાથે સાથે આ સંશોધન યુનિટો અને પ્રયોગશાળાઓ મારફતે વિદ્યાર્થીઓ તેમ જ ખેડૂતોને પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. | | | |
| | : | આ ઉપરાંત યુનિવર્સિટી હેઠળના ૧૫ જેટલાં સંશોધન કેન્દ્રો પર જે તે વિસ્તારના પાકો અને તેની સમસ્યાઓને લક્ષમાં લઈ સંશોધનની વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં : | | | |
| | | ● | ભરૂચ | : | દેશી કપાસ અને તુવેર |
| | | ● | સુરત | : | કપાસ અને જુવાર |
| | | ● | પરીયા | : | આંબા, ચીકુ અને કાજુ |
| | | ● | વ્યારા | : | ડાંગર, ઉનાળુ મગફળી, સુરતી ભેંષ અને તેલિબીંયા પાકો |
| | | ● | વઘઈ | : | હલકા ધાન્યો (નાગલી, વરી અને કોદરા), ડાંગર અને કંદમૂળ |
| | | ● | ગણદેવી | : | કેળ, ચીકુ, નાળિયેરી અને કાળામરી |
| | | ● | બારડોલી | : | ઘઉં |
| | | ● | અછાલીયા | : | કપાસ, તુવેર અને વોટર મેનેજમેન્ટ |
| | | ● | તણછા | : | મગ, તુવેર, બિનપિયત ઘઉં અને જુવાર |
| | | ● | હાંસોટ | : | કપાસ અને તુવેર |
| | | ● | દાંતી ઉભરાટ | : | ક્ષારીય જમીન સુધારણા, ડાંગર અને બ્રેકીશ અકવાકલ્ચર |
| | | ● | વણારસી | : | ખરસાણી અને સોયાબીન |
| | | ● | દેડીયાપાડા | : | કઠોળ પાકો, જુવાર, મગફળી અને ઓરાણ ડાંગર |
| | | ● | માંગરોળ | : | કઠોળ પાકો અને જુવાર |
| પ્રવકતા | : | કૃષિ વૈજ્ઞાનિકોના અથાક પરિશ્રમથી યુનિવર્સિટીએ સંશોધનક્ષેત્રે અનેક સિધ્ધીઓ મેળવેલ છે. | | | |
| VO | : | ● | છેલ્લાં ત્રણ વર્ષ એટલે કે ૨૦૧૬ થી ૨૦૧૮ દરમ્યાન દક્ષિણ ગુજરાતના મુખ્ય પાકોની ૩૪ જેટલી નવી જાતો અને ૧૫૪ જેટલી ખેડૂતોપયોગી ભલામણો આપી. | | |
| | | ● | કેળામાં ટીસ્યુકલ્ચર, ટપક સિંચાઈ, ન્યુટ્રીઅન્ટ મેનેજમેન્ટ અને મલ્ચીંગ ટેકનોલોજીનો સમન્વય કરીને પ્રિસીઝન ફાર્મીંગનું મોડેલ વિકસાવવામાં આવ્યુ. | | |
| | | ● | કેરી, ચીકુ, જામફળ અને શાકભાજી જેવા પાકોને નુકશાન કરતી ફળમાખીના નિયંત્રણ માટે નવરોજી ટ્રેપ તૈયાર કર્યુ. | | |
| | | ● | શેરડીમાં વુલી એફીડ અને કપાસમાં મીલીબગના નિયંત્રણ માટે જૈવિક નિયંત્રણ પધ્ધતિઓ વિકસાવી. | | |
| | | ● | શેરડીમાં આવતા વેધકોના નિયંત્રણ માટે ટ્રાયકોગ્રામા ચીલોની જેવા ઉપયોગી પરજીવી કીટકો તૈયાર કર્યા, જે ખેડૂતોને વ્યાજબી ભાવથી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. | | |
| | | ● | કપાસ તથા શાકભાજીની ચૂસિયા પ્રકારની જીવાતોના જૈવિક નિયંત્રણ માટે ક્રાયસોપરલા કાર્નિઆ પરભક્ષી કીટકોનો મોટાપાયે ઉછેર કરી જરૂરિયાતમંદ ખેડૂતોને આપવામાં આવે છે. | | |
| | | ● | શેરડીમાં રાતડો અને સુકારાના જૈવિક નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા વીરીડી કલ્ચર તૈયાર કરવામાં આવેલ છે, જેનો દક્ષિણ ગુજરાતના શેરડી ઉગાડતાં ખેડૂતો લાભ લઈ રહયા છે. | | |

| | | | |
|---|---|---|---|
| | | ● | શેરડીમાં પાયરીલાના નિયંત્રણ માટે ૧૯૯૦ બાદ અન્ય રાજયોમાંથી એપીરીકેનીયા મેલાનોલ્યુકા નામના ઉપયોગી પરજીવી કીટકો લાવીને શેરડીના ખેતરોમાં છોડીને તેનું સફળતાપૂર્વક જૈવિક નિયંત્રણ કરવામાં આવેલ છે. |
| | | ● | શેરડીમાં ટીસ્યુ કલ્ચર ટેકનોલોજી દ્વારા દર વર્ષે લાખો રોપાંઓ તૈયાર કરીને ખેડૂતોને લાભાન્વિત કરેલ છે. |
| | | ● | નવી જાતો અને ટેકનોલોજી વિકસાવવાના પરિણામે શેરડીની ઉત્પાદકતા હેકટરે ૬૭ ટનથી ૭૭ ટન, કપાસની ઉત્પાદકતા ૪૫૧ કિ.ગ્રા લીન્ટથી ૫૬૩ કિ.ગ્રા. લીન્ટ, ડાંગરની ઉત્પાદકતા ૧.૬ ટનથી ૨.૦ ટન, કેળાની ઉત્પાદકતા ૪૦.૨૬ થી ૬૧.૫૪ ટન અને શાકભાજીની ઉત્પાદકતા ૧૨.૨૪ ટનથી વધારીને ૧૩.૭૫ ટન સુધી લઈ જવામાં યુનિવર્સિટી ને સફળતા મળેલ છે. |
| | | ● | નહેરના પાણીના ભરાવાને લીધે બગડી ગયેલ સેંકડો હેકટર જમીન, ડ્રેનેજ ટેકનોલોજી દ્વારા પુનઃ ખેતીલાયક બનાવવામાં સફળતા મળેલ છે. |
| | | ● | સુક્ષ્મ પિયત પધ્ધતિઓ પરના સંશોધનને પરિણામે પિયતના પાણીનો ૩૦ થી ૫૦ ટકા અને ખાતરોના વપરાશમાં ૨૦ થી ૩૦ ટકાનો બચાવ થયેલ છે અને આમ થવાથી ૨૦ થી ૬૦ ટકા પાક ઉત્પાદન વધુ મળેલ છે. |
| | | ● | દક્ષિણ ગુજરાતના તમામ ૪૫ તાલુકાઓની જમીન અને હવામાનને ધ્યાનમાં રાખીને લેન્ડ યુઝ પ્લાનીંગ તૈયાર કરવામાં આવેલ છે, જેનાથી કયા વિસ્તારમાં કયા પાકો સારી રીતે લઈ શકાય તેની ખેડૂતોને હાથવગી માહિતી મળી રહે છે. |
| | | ● | ફાર્મ મોર્ડનાઈઝેશન હેઠળ યુનિવર્સિટી હેઠળના તમામ ૧૫ જેટલાં સંશોધન કેન્દ્રોમાં લેબોરેટરી, રોડ, રસ્તા, પિયતની સુવિધા, ખેતીના સુધારેલ ઓજારો અને ફેન્સીંગની સુવિધા પુરી પાડીને આધુનિક ફાર્મ્સ તૈયાર કરેલ છે. |
| | | ● | ઓર્ગેનિક ફાર્મિંગને વેગ આપવા માટે વર્ષ ૨૦૦૪ થી ૧૦ હેકટર જમીનમાં વિવિધ પાકો પર સજીવ ખેતીના અખતરાંઓ લેવામાં આવે છે, જેના પરિણામો ખુબ જ આશાસ્પદ મળેલ છે. |
| પ્રવકતા | : | નવી સુધારેલ જાતોનું ખાત્રીવાળુ શુધ્ધ બિયારણ ખેડૂતોને સમયસર અને પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે યુનિવર્સિટી હમેંશા પ્રયત્નશીલ છે. | |
| VO | : | યુનિવર્સિટીએ સીડ ટેસ્ટીંગ લેબોરેટરી અને મેગા સીડ પ્રોસેસિંગ પ્લાન્ટ તૈયાર કરેલ છે, જેના મારફતે યુનિવર્સિટી દ્વારા દર વર્ષે દક્ષિણ ગુજરાતના મુખ્ય પાકોનું ટનબંધ શુધ્ધ બિયારણ ખેડૂતોને વ્યાજબી ભાવથી પુરું પાડવામાં આવે છે. | |
| | : | આ સિવાય શેરડી અને કેળના ટીસ્યુકલ્ચર રોપા, કેરી અને ચીકુની સર્ટીફાઈડ કલમો, ફુલ અને શાકભાજીના ધરૂ, કાળામરી અને શકકરીયાના છોડના કટીંગ, નેપીયર ઘાસના જડીયા તેમ જ રાયણ, નાળિયેરી, જમરૂખ, જાંબુ, લીંબુ, કાજુ વિ. ફળપાકોના રોપાઓ લાખોની સંખ્યામાં તૈયાર કરીને વ્યાજબી ભાવે અને સમયસર ખેડૂતોને મળી રહે તેવો પ્રયત્ન કરવામાં આવે છે. | |

# —: કૃષિ વિસ્તરણ શિક્ષણ :—

| | | | |
|---|---|---|---|
| પ્રવકતા | : | | કૃષિ યુનિવર્સિટીની સ્થાપનાનો ત્રીજો ઉદ્દેશ છે  કૃષિ વિસ્તરણ શિક્ષણ.<br>કૃષિ સંશોધનના તારણો, સિધ્ધિઓ અને ખેડૂતોપયોગી ભલામણો ખેડૂતો સુધી સમયસર પહોંચે તે હેતુસર કૃષિ વિસ્તરણ શિક્ષણ વિભાગ સતત પ્રયત્નશીલ છે. |
| VO | : | | કૃષિ વિસ્તરણની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે નવસારી ખાતે સને ૨૦૦૪માં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી શરૂ કરવામાં આવી. આ મધ્યસ્થ કચેરી સમગ્ર દક્ષિણ ગુજરાત વિસ્તારની વિસ્તરણ પ્રવૃત્તિઓનું સંકલન અને સંચાલન કરે છે. |
| | | | કૃષિ ટેકનોલોજીને ખેડૂતો સુધી પહોંચાડવા માટે યુનિવર્સિટી હેઠળ ૧૮ જેટલાં વિવિધ વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો અને યોજનાઓ કાર્યરત છે, જેમાં; |
| | | ૧ | સરદાર સ્મૃતિ કેન્દ્ર, નવસારી |
| | | ૨ | એગ્રીકલ્ચરલ ટકનોલોજી ઈન્ફોર્મેશન સેન્ટર (એટીક), નવસારી |
| | | ૩ | કૃષિ શિક્ષણ પ્રદર્શનાલય, નવસારી |
| | | ૪ | તાલીમ અને મુલાકાત યોજના, નવસારી |
| | | ૫ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ |
| | | ૬ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા |
| | | ૭ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી |
| | | ૮ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેડીયાપાડા |
| | | ૯ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત |
| | | ૧૦ | બેકરીશાળા, નવસારી |
| | | ૧૧ | જળ અને જમીન વ્યવસ્થાપન તાલીમ કેન્દ્ર, , નવસારી |
| | | ૧૨ | મત્સ્યપાલન અગે નિદર્શન—વ—તાલીમ કેન્દ્ર, , નવસારી |
| | | ૧૩ | એગ્રો આઈ.ટી.આઈ. (કૃષિ અને બાગાયત), નવસારી |
| | | ૧૪ | એગ્રો આઈ.ટી.આઈ. (વેટરીનરી, ડેરી, પોલ્ટ્રી એન્ડ ફીશરીઝ), નવસારી |
| | | ૧૫ | આદિવાસી ઉત્કર્ષ માટે ફળ અને શાકભાજી નિદર્શન યોજના, પરીયા |
| | | ૧૬ | આદિજાતી મહિલા તાલીમ કેન્દ્ર, દેડીયાપાડા |
| | | ૧૭ | વિસ્તરણ પાખ, નવસારી અને |
| | | ૧૮ | ખેત સલાહ સેવા યોજના, નવસારીનો સમાવેશ થાય છે. |
| પ્રવકતા | : | | આ વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો મારફતે ખેડૂતો, ખેત મહિલાઓ, ગ્રામ્ય યુવકો, લાઈન ડીપાર્ટમેન્ટસના અધિકારીઓ, ઔદ્યોગિક સાહસિકો અને ગૃહિણીઓ માટે |
| VO | : | ૧ | યુનિવર્સિટીના કેન્દ્રો ખાતે ખેડૂત તાલીમ વર્ગ |
| | | ૨ | કેન્દ્રો બહારના ખેડૂત તાલીમ વર્ગ |
| | | ૩ | ખેડૂતદિન, ખેડૂત શિબિર, મહિલા શિબિર |
| | | ૪ | કૃષિ પ્રદર્શન, કૃષિમેળો |
| | | ૫ | ખેડૂતો માટે સેમિનાર, વર્કશોપ, પાક પરિસવાદ |
| | | ૬ | ખેડૂત મિટીંગ, કૃષિ ગોષ્ઠિ |
| | | ૭ | અગ્ર હરોળના નિદર્શનો |
| | | ૮ | ક્ષેત્રિય અખતરા |

| | | | | |
|---|---|---|---|---|
| | | ૯ | | ખેડૂતો માટે ફિલ્ડટ્રીપ, પ્રેરણા પ્રવાસ |
| | | ૧૦ | | ખેડૂતોના ખેતરો પર નિદાન ટીમ |
| | | ૧૧ | | પશુ ચિકિત્સા કેમ્પ |
| | | ૧૨ | | વિસ્તરણ કાર્યકરો માટે તાલીમ, વર્કશોપ, ઈન્ટરફેઈસ |
| | | ૧૩ | | ખેડૂતોના મોબાઈલમા કૃષિ વિષયક સદેશાઓ |
| | | ૧૪ | | ટેલિફોન દ્વારા માર્ગદર્શન |
| | | ૧૫ | | દૈનિકપત્રોમા કૃષિ લેખ, પ્રેસનોટ પ્રસિધ્ધી |
| | | ૧૬ | | દૂરદર્શન, આકાશવાણી વાર્તાલાપ અને |
| | | ૧૭ | | કૃષિ સાહિત્ય પ્રકાશન જેવી બહુવિધ વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. |
| પ્રવકતા | : | કૃષિ સંશોધનના પરિણામો છેક છેવાડાના ગામો સુધી પહોંચે અને ખેડૂત કુટુંબો આર્થિક રીતે સંપન્ન અને સમૃધ્ધ બને તે માટે; | | |
| VO | : | ૧ | | ગામડાઓમાં વસતાં ખેડૂતપૂત્રો, ગ્રામ્ય યુવકો અને યુવતીઓમાં કૃષિ વિષયક કૌશલ્યવર્ધન માટે નવસારી ખાતે એગ્રો આઈ.ટી.આઈ. હેઠળ તાલીમ આપવામાં આવે છે. |
| | | ૨ | | ઈનપુટ ડીલર્સ ખેત સામગ્રીના વેચાણની સાથે તેના યોગ્ય ઉપયોગની સાચી જાણકારી ખેડૂતોને આપી શકે તે માટે યુનિવર્સિટી દ્વારા "સર્ટીફિકેટ ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ"નામનો છ માસિક સર્ટીફિકેટ કોર્સ ચલાવવામાં આવે છે. |
| | | ૩ | | નવિન ટેકનોલોજી ખેડૂતો સુધી પહોંચાડવા માટે રાજય સરકારની બહુવિધ યોજનાઓની સાથે સાથે ભારત સરકાર પ્રેરિત મીશન મોડ અને ફલેગશીપ કાર્યક્રમો પણ ચલાવવામાં આવે છે જેમાં; |
| | | | ● | મેરા ગાંવ મેરા ગૌરવ, |
| | | | ● | ફાર્મર ફર્સ્ટ પ્રોગ્રામ, |
| | | | ● | ખાત્રીયુકત બિયારણ માટે સીડ હબ, |
| | | | ● | સોઈલ હેલ્થ તાલીમ અને કાર્ડ વિત્તરણ, |
| | | | ● | ઉન્નત ભારત અભિયાન |
| | | | ● | એગ્રીકલ્ચરલ સ્કીલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા પ્રયોજીત કૌશલ્યવર્ધન તાલીમો, |
| | | | ● | ગ્રામ સ્વરાજ અભિયાન, |
| | | | ● | ફાર્મ મિકેનાઈઝેશન, |
| | | | ● | સંકલ્પ સે સિધ્ધિ, |
| | | | ● | વુમન એમ્પાવરમેન્ટ, |
| | | | ● | સ્વચ્છતા અભિયાન અને |
| | | | ● | કીસાન કલ્યાણ મહોત્સવનો સમાવેશ થાય છે. |
| | | ૪ | | પશુપાલનના વિકાસ માટે તાલીમ વર્ગો, પશુ ચિકિત્સા કેમ્પ, પશુ શિબિર, પશુ પરિસંવાદ અને પશુ હરિફાઈ જેવા કાર્યક્રમોનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે. |
| | | ૫ | | ખેતી પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિઓ અને સંશોધન ભલામણોના પ્રચાર પ્રસાર માટે દર વર્ષે યુનિવર્સિટીના વિવિધ વિભાગો દ્વારા હજારોની સંખ્યામાં પુસ્તિકાઓ અને ફોલ્ડર્સ પ્રકાશિત કરીને ખેડૂતોને વિનામૂલ્યે આપવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| પ્રવકતા | : | આ વિસ્તારના ખેડૂતો સાથે જીવંત સંપર્ક અને ઝડપી સંદેશાવહન માટે આ યુનિવર્સિટી દ્વારા ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ શરૂ કરવામાં આવેલ છે, જેમાં; |
| VO | : | ● ફાર્મર્સ ફ્રેન્ડલી "Kisan Mitra" Android Mobile Apps |
| | | ● ખેડૂતોના મોબાઈલ પર કૃષિ માહિતીના "Text SMS and Voice SMS" |
| | | ● યુનિવર્સિટીની વેબ સાઈટ પર "Khedut Margdarshika" |
| | | ● ખેડૂતો જાતે જ કૃષિ માહિતી મેળવી શકે માટે "Touch Screen Kiosk Service" |
| | | ● કૃષિલક્ષી કાર્યક્રમોને નિહાળવા માટે "NAU NAVSARI" youtube Channel" અને |
| | | ● ખેડૂતોની કૃષિ વૈજ્ઞાનિકો સાથે સીધે સીધી ચર્ચા માટે "Mobile Conference" નો સમાવેશ થાય છે. |
| પ્રવકતા | : | દેશની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વિકસાવેલ અદ્યતન કૃષિ ટેકનોલોજી કૃષક સમાજના છેવાડાના ખેડૂત સુધી પહોંચાડવા માટે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા દેશના દરેક જિલ્લામાં એક અથવવા બે કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરેલી છે. |
| VO | : | ● નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળ નવસારી, ડાંગ, તાપી, નર્મદા અને સુરત એમ પાંચ જીલ્લાઓમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. |
| | | ● જે તે જીલ્લાના ૧૦ ગામોના ખેડૂતોને તાલીમ, નિદર્શનો, ઓન ફાર્મ ટ્રાયલ અને સ્વરોજગારી માટે વ્યવસાયલક્ષી તાલીમના માધ્યમથી નવિનતમ કૃષિ ટેકનોલોજી પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. |
| | | ● નવી બહાર પાડવામાં આવેલ કૃષિ ટેકનોલોજીની ખેડૂતોના ખેતરો પર યોગ્યતા અને અનુકૂળતા ચકાસવા માટે અગ્ર હરોળના નિદર્શનો ગોઠવવામાં આવે છે. |
| | | ● ખેડૂત મહિલાઓ વધારાની આવક મેળવીને આર્થિક રીતે પગભર થઈ શકે તે માટે તેમના વ્યવસાયને અનુરૂપ મૂલ્યવર્ધન અંગે ગૃહ વિજ્ઞાનના કૌશલ્યવર્ધન તાલીમવર્ગો ગોઠવવામાં આવે છે. |
| પ્રવકતા | : | સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ શતાબ્દી મહોત્સવ પ્રસંગે ૧૯૭૮માં નવસારી ખાતે સરદાર સ્મૃતિ કેન્દ્રની સ્થાપના થયેલ હતી, જેમાં સરદાર પટેલની જીવન ઝરમર દર્શાવતું ફોટો પ્રદર્શન, સ્થાયી કૃષિ મ્યુઝિયમ અને સરદાર તાલીમ ખંડ આવેલા છે. |
| VO | : | ● સરદાર સ્મૃતિ કેન્દ્ર ખાતે ખેડૂતો અને ગ્રામ્ય યુવકોને પાક ઉત્પાદન ઉપર ટૂંકાગાળાની તાલીમ આપવામાં આવે છે. |
| | | ● ગ્રામ્ય કક્ષાએ કૃષિ વિસ્તરણ કામગીરી સાથે સંકળાયેલ ગ્રામસેવકો, વિસ્તરણ અધિકારીઓ અને વનપાલો માટે સરદાર સ્મૃતિ કેન્દ્ર ખાતે ખાસ તાલીમવર્ગનું આયોજન કરવામાં આવે છે. |
| | | ● ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાંથી આત્મા અને અન્ય સરકારી યોજનાઓ હેઠળ દર વર્ષે હજારો ખેડૂતો નવસારી કૃષિ કેમ્પસની મુલાકાત લે છે, જેઓને સરદાર સ્મૃતિ કેન્દ્ર ખાતે કૃષિ વિષયક નવિન ટેકનોલોજીની તાલીમ આપવામાં આવે છે. |
| | | ● યુનિવર્સિટી ખાતે પધારતાં ખેડૂત ભાઈઓ અને મહિલાઓ માટે રાત્રિ રોકાણ અને ભોજનની વ્યવસ્થા માટે બલરામ કૃષિકાર ભવન, સરદાર કૃષિકાર ભવન અને શાસ્ત્રી કૃષિકાર ભવન એમ ત્રણ આધુનિક સુવિધાયુકત કિસાન ઘરોની સુવિધા ઉપલબ્ધ છે. |

| | | |
|---|---|---|
| પ્રવકતા | : | ખેડૂતોને એક જ જગ્યાએથી ખેતીની માહિતી મળી રહે તેવું 'સીંગલ વિન્ડો સિસ્ટમ''ની સુવિધા આપતું કૃષિ તજજ્ઞતા માહિતી કેન્દ્ર એટલે કે ''એટીક'' નવસારી ખાતે કાર્યરત છે. |
| VO | : | ● એટીક ખાતેથી ખેડૂતોને યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત ખાત્રીયુકત શુધ્ધ બિયારણો, શાકભાજી પાકોનું ધરૂ, ફળ પાકોના રોપાંઓ, જૈવિક ખાતરો જેવી કૃષિ સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. |
| | | ● આ કેન્દ્ર ખાતે નવી જાતો, નવા પાકો, રોગ જીવાતનું નિરાકરણ, જમીન અને પાણીનું પૃથ્થકરણ જેવા ખેડૂતોના પ્રશ્નો અને સમસ્યાઓનું એકબારી પધ્ધતિથી નિરાકરણ કરવામાં આવે છે, તેમ જ ખેડૂતોને વિનામૂલ્યે સાહિત્ય વિતરિત કરવામાં આવે છે. |
| પ્રવકતા | : | દેશના શ્રેષ્ઠ કૃષિ મ્યુઝિયમોમાં જેની ગણના થાય છે તેવું ગુજરાતનું ગૌરવવંતુ કૃષિ શિક્ષણ પ્રદર્શનાલય નવસારી ખાતે આવેલ છે. |
| VO | : | ● આ પ્રદર્શનાલયમાં ખેડૂતો, મહિલાઓ, કૃષિ વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ અને વહિવટકર્તાઓ કૃષિની પ્રાથમિક જાણકારીથી લઈને અદ્યતન ટેકનોલોજીની માહિતી મેળવી શકે છે. |
| | | ● મુલાકાતીઓને ચાર્ટસ, મોડેલ્સ, મ્યુરલ્સ, ડાયોરમા, જીવંત નમૂનાઓ, ટચ સ્ક્રીન કીયોસ્ક, સ્ટોરી ટેલીંગ બોર્ડ અને પ્રેસ બટન બોર્ડના માધ્યમ થકી કૃષિ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. |
| પ્રવકતા | : | આ યુનિવર્સિટી ખાતે ચાલતી તાલીમ અને મુલાકાત યોજના હેઠળ કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યપાલન અને ડેરી ઉદ્યોગોના વિવિધ અધિકારીઓ, જીલ્લા કક્ષાના નાયબ અને મદદનીશ ખેતી નિયામકો તથા વિસ્તરણ કાર્યકરોને નિયત સમયાંતરે તાલીમ આપવામાં આવે છે. |
| | : | નવસારી ખાતે બારેમાસ કોઈને કોઈ ખેડૂતોપયોગી પ્રવૃત્તિઓ ચાલુ જ હોય છે. દક્ષિણ ગુજરાતનાં દરેક પાક ઉપર પરિસંવાદો, ખેડૂતો માટે ક્ષેત્રિય કૃષિ પ્રવાસો, વર્કશોપ અને મોસમી પાકોની તાલીમ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે છે. |
| | : | રાજય સરકારશ્રી દ્વારા દર વર્ષે યોજવામાં આવતાં કૃષિ મહોત્સવમાં યુનિવર્સિટીના અધિકારીઓ અને કૃષિ વૈજ્ઞાનિકો ગામડાઓમાં જઈને નવીનત્તમ તાંત્રિકતાઓની જાણકારી આપવાની સાથે ખેડૂતોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરે છે. |
| | : | સંશોધન કેન્દ્રો પર વિકસાવવામાં આવેલ નવી ટેકનોલોજી ખેડૂતો પ્રત્યક્ષ જોઈ સમજીને અપનાવતા થાય તે હેતૂસર યુનિવર્સિટી હસ્તકના જુદા જુદા કેન્દ્રો પર ખેડૂતો માટે દર વર્ષે ખેડૂતદિનનું આયોજન કરવામાં આવે છે. |
| | : | આ યુનિવર્સિટીએ કૃષિ વિસ્તરણ પ્રવૃત્તિઓના માધ્યમ થકી ખેડૂત સમુદાય સાથે પોતાનો સંપર્ક મજબુત રીતે પ્રસ્થાપિત કરીને ખેડૂતોમાં ઉત્સાહ અને વિશ્વાસનું વાતાવરણ ઉભુ કરેલ છે, પરિણામે આ યુનિવર્સિટીને વિસ્તરણની કામગીરી માટે અને ખેડૂતોને કૃષિક્ષેત્રે હાંસલ કરેલ વિશિષ્ટ સિધ્ધિઓ માટે અનેક એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. |

## –: આંતર માળખાકીય સુવિધાઓ :–

| | | |
|---|---|---|
| પ્રવકતા | : | કૃષિ શિક્ષણ, સશોધન અને વિસ્તરણની પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે નવસારી કેમ્પસ ખાતે અનેક આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. હાલની સુવિધાનું વિહંગાવલોક આવી સાક્ષી પુરે છે. |
| VO | : | ૧ આ યુનિવર્સિટીના નવસારી કેન્દ્ર ખાતે આધુનિક સગવડ સાથેની વિશાળ સેન્ટ્રલ લાઈબ્રેરીની સુવિધા ઉપલબ્ધ છે, જેમા; મોટી સંખ્યામાં પુસ્તકો, ઈ–બુકસ, બાઉન્ડ વોલ્યુમ્સ, ભારતીય સામાયિકો, વિદેશના સામાયિકો, થીસીસો, રીર્પોટસ વિ.ની સેવા ઉપલબ્ધ છે. |
| | | ૨ યુનિવર્સિટી હેઠળની શેરા, કૃષિકોશ, પુસ્તકોનું ડીજીટલાઈઝેશન અને સીડી–રોમ માહિતી સંગ્રહ જેવા ઈલેકટ્રોનિક સોફટવેર અને સિસ્ટમનો વિનિયોગ કરી સાચા અર્થમાં ઈ–લાઈબ્રેરી તરીકે હાલ કાર્યરત છે. |
| | | ૩ આ સિવાય નવસારી કેમ્પસ ખાતે સ્ટાફ અને વિદ્યાર્થીઓની સગવડ માટે; |
| | | ● વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે સુવિધાજનક હોસ્ટેલ્સ, |
| | | ● રમતગમતનું વિશાળ મેદાન અને અદ્યતન જીમખાના |
| | | ● અદ્યતન સુવિધાજનક મહેમાન ગૃહ, આરામગૃહો અને કિસાન ઘરો, |
| | | ● સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે કેન્ટીન, |
| | | ● હાઈટેક સુવિધાથી સજ્જ કોમ્પ્યુટર નેટવર્કિંગ માળખું, |
| | | ● લોકર અને ATM સાથે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની શાખા, |
| | | ● પોસ્ટ ઓફિસ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, |
| | | ● દૈનિક વપરાશની ચીજવસ્તુઓનો સહકારી સ્ટોર, |
| | | ● વિદ્યાર્થીઓ અને કૃષિ પરિવારો માટે સાંસ્કૃતિક સંકુલ અને ઓડીટોરીયમ, |
| | | ● વિદ્યાર્થીઓ, કૃષિ પરિવારો અને મુલાકાતીઓ માટે પાણીનો શુધ્ધિકરણ પ્લાન્ટ અને |
| | | ● બાળકો માટે બાલ ક્રિડાંગણ |

| | | |
|---|---|---|
| પ્રવકતા | : | નવસારી કૃષિ યુનિવર્સિટીએ કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રે આપેલ ઉત્કૃષ્ટ યોગદાનને ધ્યાને લઈને તેને વિવિધ એવોર્ડ અને સન્માનથી નવાજવામાં આવેલ છે, પરંતુ દક્ષિણ ગુજરાત વિસ્તારમાં લહેરતો મેઘ ધનુષી મોલ, ખેડૂતોના ચહેરા પર ઉમડતો સંતોષ અને ખેડૂતોના જીવનધોરણમાં સતત થઈ રહેલો વધારો એ જ યુનિવર્સિટી માટે સૌથી મોટું સન્માન છે. |
| VO | : | કપાસથી લઈને કેળ, ડાંગરથી દિવેલા, કેરીથી કાજુ, શેરડીથી સોયાબીન, મગથી મશરૂમ અને રાગીથી રીંગણ જેવી કૃષિ વૈવિધ્યતા અને કુદરતી સંસાધનોથી સભર આ વિસ્તાર આ યુનિવર્સિટી ની કર્મભૂમિ છે, ત્યારે આ વિસ્તારની સાથે સાથે રાજય અને દેશના કૃષિ વિકાસ માટેની પ્રતિબધ્ધતા વ્યકત કરે છે. |

–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–